# શ્રી શત્રુંજય - મુકિત સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

## વ્દિતીય વર્ષ અભ્યાસક્રમ-૯

ફેબ્રુઆરી ૨૦23

## પ્રશ્ન પત્ર

ગુણાંક ૧૦૦

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિનાની તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ-પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવાના છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી ના મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવેલા ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં. (૮) ઉત્તર પત્ર માં અભ્યાસક્રમ નું નંબર લખવુ જરૂરી છે.

**પ્રશ્ન- ૧ ખાલી જગ્યા પુરો.** ૨૦

૧. જે કર્મના ઉદયથી સર્વ લોકોની માન્ય વચનની પ્રાપ્તિ થાય છે તે ........................ છે.
૨. ........................ આવે તોજ સામાયિકની સાચી સફળતા છે.
૩. ........................ સત્તા અને અસ્તિત્વ મેતાર્ય માનવા તૈયાર ન હોતા.
૪. ઐરાવત ક્ષેત્રની મુખ્ય બે નદીઓ ........................ માંથી નિકળે છે.
૫. ધર્મકથાનું સ્થાન ઘરઘરમાં ........................ લીધું છે.
૬. શય્યા, સંથારક તથા તેની ભૂમિની પ્રમાદ સહિત પ્રતિલેખના કરી હોય તે .................... અતિચાર જાણવો.
૭. ઐશ્વર્ય વિશિષ્ટતા ........................ નો ભેદ છે.
૮. ........................ આપણા જીવનનું એક અંગ હોવું જ જોઇએ.
૯. જંબુદ્વીપના બરાબર મધ્યમાં ........................ ક્ષેત્ર આવે છે.
૧૦. ........................ છુટ રાખીને શેષ રહેલો પ્રદેશ તે પુનરપિ નિયમ માં લેવો.
૧૧. જે જીવની જેટલી પર્યાપ્તિ કહી છે તેટલી પૂરી કરીને મરશે તે ......................
૧૨. નરકાંતા અને નારીકાંતા ........................ની નદીઓ છે.
૧૩. મેતાર્ય સ્વભાવ થી ........................ ન હોતો.
૧૪. દેસાવગાસિક વ્રતમાં ઓછામાં ઓછુ........................ વ્રત અપેક્ષિત છે.
૧૫. ............................ આરાધના આત્માના હિત માટે સાધકે કરવાની છે.
૧૬. આકાશ જેમ અનંત તેમ ............................ પણ અનંત છે.
૧૭. ........................ નો ઉદય શ્રી કેવલજ્ઞાની ભ. ને હોય.
૧૮. આ કાલ માં ........................ જે છે તે અભ્યાસ માત્ર છે.
૧૯. તપ ના બળના વિસ્તાર વાળુ જેમના ........................ રજ તથા મળ નાશ પામ્યા છે.
૨૦. વૃદ્ધ શ્રાવિકા મરણ પામીને ........................ દેવલોક માં દેવી પણે ઉત્પન્ન થઇ.

**પ્રશ્ન- ૨ એક શબ્દમાં જવાબ લખો -** ૧૫

૧. દિવસની પૂર્ણતા પછી શ્રાવક અને સાધુ આવશ્યક ક્રિયા પછી શું કરે ?
૨. આત્માની શકિતઓને અટકાવવાનું કામ કોણ કરે છે ?
૩. સીતોદા નદી પોતાના પ્રપાતમાં પડી કયા ક્ષેત્ર માંથી વહે છે ?
૪. રૂપના અનુસાર થી પોતાપણું બીજાને જણાવવું એ કયો અતિચાર છે ?
૫. મેતાર્ય કયા વેદપદ નો અર્થ ખોટો કરતા હતા ?
૬. અજીત શાંતિ સ્તવ માં સમૃદ્ધિ અને આનંદ આપવાની વિનંતિ કોણે કરી છે ?
૭. સામાયિકના પચ્ચખાણના ભાંગામાં કેટલા નિયમ આવે છે ?
૮. કેસરી દ્રહ કયા પર્વત ઉપર આવેલો છે ?
૯. અજીનાથ અને શાંતિનાથ ભ. ને શેમાં શ્રેષ્ઠ બતાવ્યા છે ?
૧૦. અંગ, ઉપાંગ, અંગોપાંગને નિયત સ્થાને રચનાકરવાનું કામ કોણ કરે ?
૧૧. પૌષધાર્થી એ કોની પેઠે સંથારો કરવો જોઇએ ?
૧૨. મેતાર્ય, ગણધર બન્યા પહેલા શું હતા ?
૧૩. પોતાના સ્વજનોને ધર્મ પમાડવા શ્રાવકે શું કરવું જોઇએ ?
૧૪. સામાયિક જેમતેમ કરી ઉતાવળથી પારે તો કયો અતિચાર લાગે ?
૧૫. સ્વાધ્યાય સાંભળવાથી જિનશાસન ને કયા મહાન આચાર્યની ભેટ મળી ?

**પ્રશ્ન - ૩ નીચે આપેલા શબ્દો ના અર્થ લખો.** ૧૦

૧) કંચંપિ ૨) કુલાલ ૩) નિઅમણં ૪) નિવડંતિ ૫) અભિનંદિ ૬) વિઉલં ૭) જંતિ ૮) તિ ૯) જસકિત્તિઓ
૧૦) અવિહિય ૧૧) જલહિંમિ ૧૨) પયાસ ૧૩) મએ ૧૪) જિહ્વા ૧૫) સીચાઇ ૧૬) પખ્ખતિ ૧૭) ગુરુઅં
૧૮) અહિમાઇ ૧૯) વિવજજથં ૨૦) સત્થિય

**પ્રશ્ન - ૪ જોડકા જોડો (ફક્ત બી નો નંબર લખો) ૧૦**

| A | B | | |
|---|---|---|---|
| ૧) દિશા | ૧) પદ્મ | ૬) વત્સ | ૬) ઝંપાપાત |
| ૨) વિકથા | ૨) દત્તવિપ્ર | ૭) પ્રમાર્જના | ૭) નિષધ |
| ૩) ઉપઘાત | ૩) સમુદ્ર | ૮) પ્રેષણ | ૮) વચન |
| ૪) પ્રપાત | ૪) લબ્ધિ | ૯) વરુણા | ૯) પ્રતિલેખન |
| ૫) દ્વીપ | ૫) દેશ | ૧૦) કરણ | ૧૦) આનયન |

**પ્રશ્ન-૫ નીચે ના પ્રશ્નોના જવાબ સંખ્યામાં લખો. ૧૦**

૧. એક ઉપવાસ બરાબર કેટલી ગાથાનો સ્વાધ્યાય થાય ?
૨. સ્થાવર દશકની કુલ પ્રકૃતિઓ કેટલી ?
૩. પૌષધના પ્રકાર કેટલા ?
૪. અન્ય નદીઓ મળીને સિંધુનદીનો પરિવાર કેટલો ?
૫. સામાયિક માં કાયા ના દોષ કેટલા ?
૬. મેતાર્ય ગણધરનો કેવલી પર્યાય કેટલો ?
૭. પૂર્વ મહાવિદેહમાં વિજયોની સંખ્યા કેટલી ?
૮. દેસાવગાસિક વ્રતમાં કેટલા સામાયિક કરવાના હોય ?
૯. આપણા આત્મામાં દાનાદિ લબ્ધિઓ કેટલી ?
૧૦. અભ્યંતર ક્ષેત્રમાં નદીઓની સંખ્યા કેટલી ?

**પ્રશ્ન - ૬ નીચે ના વાક્યો સાચા ( ✓ ) છે ખોટા (×) તે જણાવો ૧૦**

૧. ક્રોધરૂપી અગ્નિથી ગ્રહાયેલો પુરુષ ક્રોડ વર્ષના કરેલા સુકૃતને ઘડી માત્ર માં બાળી નાંખે છે ?
૨. પૌષધ સાધુતાની પ્રાપ્તિ માટેની સીડી છે.
૩. જે જીવે સર્વ પર્યાપ્તિઓ પૂર્ણ કરી છે તે લબ્ધિ પર્યાપ્ત છે.
૪. અજીતનાથ અને શાંતિનાત ભ. મગર અને અશ્વ લાંછનવાળા છે.
૫. સીતોદા નદી ઉત્તરકુરુ માં વહી ને મેરૂપર્વત ને વળાંક વળે છે.
૬. ધર્મદાસ શ્રાવક કાળધર્મ પામી મોક્ષમાં ગયા.
૭. અભ્યાસ તો જન્માંતરમાં પણ માણસની પછવાડે ચાલતો આવે છે.
૮. સ્મૃતિવિહિન અતિચાર દેશાવગાશિક વ્રતમાં આવે છે.
૯. મેતાર્ય ગણધરનો જન્મ કાશ્યપ ગોત્રિય બ્રાહ્મણના ઘરે થયો હતો.
૧૦. ભરતક્ષેત્રના બે વિભાગ વૈતાઢ્ય પર્વતથી થાય છે.

**પ્રશ્ન - ૭ નીચેનું વાક્ય કયા પાના પર છે તે પાના નંબર જણાવો. ૧૦**

૧. શ્રાવકનું લક્ષ્યતો સાધુપણાનું જ હોય તેથી સંસાર માં સમય થતાં એ પોતાની બાજી સંકેલવા માટે ધીમે ધીમે પ્રયાસ કરે.
૨. અસદ્ માર્ગથી આત્માને પાછો વાળે છે-સદાચાર સંપન્ન બનાવે છે.
૩. પરલોક ગમના ગમન ન માનવામાં આવે તો પૂર્વજન્મ-પુનર્જન્મનો મોટો પ્રશ્ન ઉપસ્થિત થાય.
૪. સૂર્યના વિમાનરૂપરહેલા બાદર પર્યાપ્ત પૃથ્વીકાય જીવોને આતપ નામકર્મનો ઉદય હોય છે.
૫. શ્રુતસાગર માં, એના સ્વાધ્યાયમાં મરજીવા બની ડુબકી મારે એને શ્રુતસાગમાંથી રત્નો મળે.
૬. આત્માની નિર્મળતા જાળવવા માટે શુદ્ધિ જાળવવી અત્યંત આવશ્યક છે.
૭. મનના વ્યાપરથી જે પાપ લાગે તેનું મિચ્છામિ દુકકડં દેવાથી છુટિએ છીએ.
૮. કુંભાર દુધ વિગેરે માટે સુઘટ,સારા, સુંદર ઘડા પણ બનાવે અને મદિરા વિગેરે માટે કુઘટ ભુંભલા પણ બનાવે છે.
૯. મહાવિદેહ ક્ષેત્રમાં સીતા અને સીતોદા નદીઓ મુખ્ય છે.
૧૦. ઘણાગુણોના પ્રસાદવાળું, ઉત્કૃષ્ટ મોક્ષના સુખથી ખેદ રહિત અજીતનાથ અને શાંતિનાથ ભ. નું જોડલું મારા ખેદ ને નાશ કરો.

**પ્રશ્ન - ૮ તમારી ભાષા માં સમજાવો ૧૫**

૧. જીવનમાં સ્વાધ્યાયનું મહત્વ
૨) અંતરાય કર્મ
૩. સામાયિકની સાધના
૪) મેતાર્ય ગણધરની શંકા અને પ્રભુનું સમાધાન
૫. અભ્યંતર ક્ષેત્ર તથા એની નદીઓ

જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી
સૌ. કાશ્મીરાબેન વિનોદ લોડાયા
શાહ ગોવિન્દજી વીરમ ફેક્ટરી કમ્પાઉન્ડ, મોંઢા રોડ, ઔરંગાબાદ - ૪૩૧ ૦૦૧
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઈટ www.achalgach.com